ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૨/૯૫૦૫-૪૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૮/૨૦૨૨

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- ધોરણ-૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા બાબત.

સંદર્ભ:-(૧).જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ વિવિધ શાળાઓની અત્રેની કચેરીને મળેલ રજૂઆત અન્વયે.

(૨).ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૦૨/૦૮/૨૦૨૨ની શૈક્ષણિક સમિતિ ના ઠરાવ ક્રમાંક: ૦૫/૨૦૨૨

(૩).ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૦૨/૦૮/૨૦૨૨ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૨૮૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ (૧) દર્શિત પત્રો અન્વયે ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા અંગેની રજુઆતો અત્રેની કચેરીને મળેલ છે. ઉક્ત રજુઆતો ધ્યાને લઈને સંદર્ભ (૨) દર્શિત અત્રેની કચેરીના તા.૦૨/૦૮/૨૦૨૨ની શૈક્ષણિક સમિતિ ના ઠરાવ ક્રમાંક: ૦૫/૨૦૨૨ અને સંદર્ભ (૩) દર્શિત અત્રેની કચેરીના તા.૦૨/૦૮/૨૦૨૨ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૨૮૮/૨૦૨૨ થી ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા અંગેની છૂટ આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. ઉક્ત વિગતે **વિદ્યાર્થી, વાલીની પ્રથમ સત્રના ૩૧ જુલાઈ સુધીમાં માધ્યમ બદલવા માટે અરજી કર્યેથી, તેની વિગતોની ચકાસણી કરી મંજૂરી આપવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવેલ છે.**

ઉક્ત વિગતે આપના તાબા હેઠળની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારું આપની કક્ષાએ વ્યવસ્થા કરવાની રહેશે.

આ.નં : ૨૯૫૪
૦૯/૦૮/૨૨

(એન.જી.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને

ક્રમાંક: નરક્ષ / ૨૦૨૨ / ૬૦૫૫૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
મહેસાણા જિ.મહેસાણા
તા.૦૯/૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
મા.અને ઉ મા શાળાઓ તમામ,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિલ્લો.મહેસાણા..

૨/-નકલ રવાના જાણ વ અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
મહેસાણા જિ.મહેસાણા